ટેક હોમ રેશનના વિતરણમં વિલંબ બદલ ચુકવવાની પેનલ્ટીમાંથી GCMMF ને મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : આઇસીડી/૧૧૨૦૨૧/૩૬/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬/૦૨/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા:૯/૮/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ

(૨) નિયામકશ્રી (આઇસીડીએસ) અને મેનેજીંગ ડીરેક્ટરશ્રી (GCMMF) વચ્ચે થયેલ તા.૬/૯/૨૦૧૭ નો એગ્રીમેન્ટ

(3) નિયામકશ્રી(આઇસીડીએસ) નો તા.૨૩/૧૧/૨૦૨૧ નો પત્ર ક્ર:પોષણ/આઇસીડીએસ/THR/પેનલ્ટી/૬૫૩૧૧/૨૧

આમુખ:-

વંચાણે લીધા-૧ થી સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત ૬ માસથી ૩ વર્ષના સામાન્ય બાળકો, ૬ માસ થી ૬ વર્ષના અતિકુપોષિત બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ તથા ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ મારફત ટેક હોમ રેશનના (પ્રિમિકસ) ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. સદર ઠરાવના અનુસંધાને વંચાણે લીધા-૨ થી ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. આણંદ, અને અમુલ, સુમુલ અને બનાસ ડેરી સાથે ટ્રાઇપાર્ટી એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. વંચાણે લીધા-૩ થી નિયામકશ્રી (આઇસીડીએસ) દ્વારા જાન્યુઆરી ૨૦૧૯ થી સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી ની કુલ રૂ.૩,૦૦,૬૨,૮૦૩/- રકમની પેનલ્ટી માફ કરવા રજુઆત કરેલ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ :-

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને આપવામાં આવતા ટેક હોમ રેશનના GCMMF દ્વારા થયેલ વિતરણમાં વિલંબના કારણે તા.૬/૯/૨૦૧૭ ના રોજ થયેલ એગ્રીમેન્ટ ની શરત ક્ર. ૮ મુજબ, જાન્યુઆરી ૨૦૧૯ થી સપ્ટેમ્બર ૨૦૨૦ દરમીયાન GCMMF દ્વારા ભરવાની થતી કુલ રૂ.૩,૦૦,૬૨,૮૦૩/- (અંકે રૂપિયા ત્રણ કરોડ બાસઠ હજાર આઠસો ત્રણ પુરા) રકમની પેનલ્ટીમાંથી મુક્તિ આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૮/૧/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી,
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર
(૨) માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
(૩) અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવલાય, ગાંધીનગર
(૪) સચિવશ્રી, (ખર્ચ), નાણાં વિભાગ, સચિવલાય,ગાંધીનગર
(૫) કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૬) નિયામકશ્રી(આઇસીડીએસ) , કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૭) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
(૮) મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, આણંદ
(૯) શાખા સિલેક્ટ ફાઇલ